**DATE: 19/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# બાળકી પર દોઢ વર્ષથી એક દિવસના આંતરે બળાત્કાર કરતાં આધેડની ધરપકડ

**અંકલેશ્વરમાં** 11 વર્ષની બાળકીને 56 વર્ષનો હવસખોર શખ્સ ઘરે બોલાવી દુષ્કર્મ કરતો રહ્યો



અંકલેશ્વર : અંકલેશ્વર નેશનલ હાઇવે પર આવેલા વિસ્તારમાં 11 વર્ષીય માસુમ બાળકીને દોઢ વર્ષથી ઘરે બોલાવી 56 વર્ષીય શખ્સ વારંવાર દુષ્કર્મ આચરતો હોવાની ઘટના સામે આવી છે. તાલુકા પોલીસે નરાધમ આધેડની ધરપકડ છે.

અંકલેશ્વર નેશનલ હાઇવે નજીક રહેણાંક વિસ્તારમાં રહેતા એક પરિવારની 11 વર્ષની બાળકીને નજીકમાં રહેતો 56 વર્ષીય રિયાઝ શબ્બીર શેખ તેમની 11 વર્ષીય માસુમ બાળકીને દોઢ વર્ષથી એક દિવસના આંતરે ઘરે બોલાવી દુષ્કર્મ આચરતો હતો. આ વાત બાળકીએ જ્યારે માતા-પિતાને કરી તો તેઓ ડઘાઈ ગયા હતા. તેઓ હવસખોર રિયાઝ શેખને આ બાબતે પુછતાં તેણે કોઈ જવાબ આપ્યો ન હતો. રિયાઝની દીકરીએ ભોગ બનેલી બાળકીના પરિવાર સાથે ઝઘડો કરી કાઢી મુક્યા હતા. અંતે બાળકીના પરિવારે અંકલેશ્વર તાલુકા પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે પોક્સો એક્ટ તેમજ દુષ્કર્મનો ગુનો નોંધી નરાધમ રિયાઝ શબ્બીર શેખની ધરપકડ કરી તેનું મેડિકલ પરીક્ષણ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 19/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# કિશનાડ ગામે ફાર્મ હાઉસમાં જુગાર રમતા ૮ શખ્સો પકડાયા

ભરૂચ: ભરૂચના કિશનાડ ગામ ખાતે નર્મદા કેનાલ નજીક આવેલા ઇશાક મુસા પટેલ (રહે. જોલવા ગામ)ના ફાર્મ હાઉસના મકાનમાં કેટલાક ઇસમો જુગાર રમતા હતા ત્યાં ત્યાં ભરૂચ ક્રાઇમ બ્રાંચે બાતમીવાળા સ્થળે દરોડા પાડ્યા હતા. જ્યાં ૮ જુગારી રૂ. ૧,૬૬,૪૭૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા. પોલીસે જુગાર રમતા (૧) ઇશાક મુસાભાઈ પટેલ (રહે. જોલવા ગામ) (૨) મુબારક ઇસ્માઇલભાઈ પટેલ (રહે. ટેકારીયા ગામ) (૩) યુનુસ અહેમદ ખાન પઠાણ (રહે. કતપોર બજાર, ભરૂચ) (૪) ઇકબાલ અબ્દુલભાઈ વલી (રહે.સરનાડ ગામ) (૫) ઇલ્યાસ હુશનભાઈ સૈયદ (રહે.પાલેજ) (૬) ઇમ્તિયાઝ હુશન મિયા સૈયદ (રહે. ડભોઆવાડ ભરૂચ) (૭) અશોકભાઈ મીઠાભાઈ પરમાર (રહે. જોલવા ગામ) (૮) મરકનભાઈ લક્ષ્મણભાઈ પટેલ (રહે.દાંડીયા બજાર ભરૂચ) ઝડપી પાડી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

**DATE: 19/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

કંથારીયામાં ચાર દિવસ સુધી મહિલાને ગોંધી રખાઈ

# પ્રેમિકા માટે પતિએ પત્નીને કેદ કરી, અભયમે બચાવી



પીડિત મહિલાએ અભયમની ટીમનો આભાર માન્યો હતો.

[illegible]

## મહિલાને રડતી જોઇ એક વ્યક્તિ મદદે ગયો

[illegible]

**DATE: 19/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### રોકડા- મોબાઈલ મળી 33 હજારનો મુદ્દામાલ જપ્ત

# દુબઇ ટેકરી ખાતેના કબીર મંદિર પાસે જુગાર રમતાં 11 ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના ઝાડેશ્વર ગામે દુબઈ ટેકરી વિસ્તારમાં આવેલાં કબીર મંદીર પાસે કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હતી. સી ડિવિઝન પોલીસે સ્થળ પર દરોડો પાડી જુગાર રમતાં 11 જુગારિયાઓને ઝડપી પાડ્યાં હતાં. પોલીસે તેમની પાસેથી રોકડા રૂપિયા મળી કુલ 33 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ભરૂચ સી ડિવીઝન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, ઝાડેશ્વરના દુબઈ ટેકરી ખાતેના કબીર મંદિર પાસે કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડી જાહેરમાં જુગાર રમી રહેલાં પ્રદિપ મુન્ના ચૌહાણ, પિન્ટુ દિનેશ ચૌહાણ, ગુડ્ડુકુમાર રાજેન્દ્ર ચૌહાણ, બબલુ રામબદન ચૌહાણ, શૈલેષ રામબ્રીચ ચૌહાણ, કરણ હરીનાથ ચૌહાણ, રામદયાલ કનઈ ચૌહાણ, જયપ્રકાશ ધાયા ચૌહાણ, ગુલાબ રામનારાયણ ચૌહાણ તેમજ સંજીત રામજનાબ ચૌહાણ નામના 11 જુગારિયાઓને ઝડપી પાડ્યાં હતાં. પોલીસે તેમની પાસેથી રોકડા રૂપિયા 11 હજાર તેમજ 22 હજારની મત્તાના 8 મોબાઈલ મળી કુલ 33 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 20/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### નિવૃત્ત પોલીસ કર્મચારીનો પુત્ર જ ડ્રગ્સનો વેપલો ચલાવતો હોવાનો પર્દાફાશ થયો

# મુંબઈથી 9.90 લાખનું MD ડ્રગ્સ મંગાવી ભરૂચમાં ધંધો કરનારા બે આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એસઓજી ટીમના હેડ કોન્સ્ટેબલ અનિરૂદ્ધસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે, જંબુસર બાયપાસ રડ પર આવેલી નેશનલ પાર્ક સોસાયટીમાં રહેતો સલમાન મુસ્તાક પટેલ મુંબઈથી ડ્રગ્સનો જથ્થો લાવી રહ્યો છે. અને તે રેલવે સ્ટેશનના મોફેસર જીન કંપાઉન્ડ પાસે પહોંચનાર છે. જેના પગલે એસઓજી પીઆઈ વી. કે. ભુતિયાએ ટીમના પીએસઆઈ એમ. આર. શકોરિયા, પીએસઆઈ પી. એમ. વાળા સહિતની ટીમ સાથે મોફેસર જીન કંપાઉન્ડ પાસે પહોંચી હતી.

દરમિયાનમાં સલમાન ત્યાં પહોંચતા ટીમે તેને દબોચી લીધો હતો. પોલીસે તેના સામાનનું ચેકિંગ કરતાં તેની પાસેથી 99 ગ્રામ એટલે કે 9.90 લાખની મત્તાનું મેફેડ્રોન ડ્રગ્સ જપ્ત કર્યું હતું. પ્રાથમિક પુછપરછમાં તેણે કબુલાત કરી હતી કે, શહરના કાળી તલાવડી વિસ્તારમાં આવેલી વસીલા સોસાયટી ખાતે રહેતો અને કુખ્યાત ગુનેગાર ઈમરાન શૌકત ખીલજીએ તેની પાસેથી ડ્રગ મંગાવ્યું હતું. જેના પગલે ટીમે ઈમરાન શૌકત ખીલજીને પણ દબોચી લીધો હતો. ટીમે આરોપીઓ પાસેથી મેફેડ્રોન ડ્રગ્સ, બે મોબાઈલ મળી કુલ 10.10 લાખ ઉપરાંતનો મુદામાલ જપ્ત કરી બન્ને વિરૂદ્ધ એ ડિવિઝન પોલીસ મથકે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધાવતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની કાર્યવાહીના પગલે ડ્રગ્સનો વેપલો ચલાવતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

## રિમાન્ડમાં ચોક્કસ વિગતો બહાર આવી શકશે

*“એસઓજીએ મુંબઈથી ડ્રગ્સ લાવનાર સલમાનની ટીમે ધરપકડ કરતાં તેને ઈમરાન શૌકાત ખીલજીએ ડ્રગ્સ મંગાવ્યું હોવાની કબુલાત કરતાં બન્નેની ધરપકડ કરી છે. હાલમાં બન્નેના રિમાન્ડ મેળવવાની કવાયત ચાલી રહી છે. અન્ય કોણ કોણ સંડોવાયું છે તેની તપાસ થશે.”* ડો. લીના પાટીલ, એસપી, ભરૂચ.

## ડ્રગ્સ ખરીદનાર સામે પણ કાર્યવાહી થશે

ઝડપાયેલાં બન્ને આરોપીઓ પૈકી સલમાન પટેલે તે ડ્રાઈવિંગ કરતો હોવાનું જણાવ્યું છે. જોકે, નિવૃત્ત પોલીસ કર્મીના પુત્ર ઈમરાન ખીલજીનું નામ છેલ્લાં કેટલાંક સમયથી ગુનાઈત કૃત્યોમાં સતત ચર્ચામાં આવી રહ્યું છે. ત્યારે અગાઉ આર્મ્સ એક્ટ, હત્યાની કોશિષ સહિતના ગુનામાં સંડોવાયેલાં ઈમરાન પાસેથી કોણ કોણ ડ્રગ્સ ખરીદી રહ્યું હતું તેની પણ પોલીસ તપાસ કરશે.

**DATE: 21/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરના નવા ધંતુરીયા ગામે પાંચ જુગારીયા ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકા પોલીસને નવા ધંતુરીયા ગામે જુગાર રમાય રહ્યો હોવાની મળેલી માહિતી ના આધારે રેડ કરતા જુગાર રમતા નવા ધંતુરીયા ગામ ના વિનોદ અંબુ વસાવા, મુકેશ સોમા પટેલ, નીતિન ફુલજી વસાવા, રાજશ કાશીરામ વસાવા અને અલ્પેશ કાશીરામ વસાવા ને ઝડપી લીધા હતા. પોલીસે સ્થળ પરથી દાવ લાગેલા રોકડા રૂપિયા 3570 અંગજડતીના રોકડા રૂપિયા 25,790 અને 15 હજારના નંગ મોબાઈલ મળી કુલ 44.360નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 21/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### તસ્કરો સી.પી.યુ સહિતનો સામાન ચોરી ગયા હતા

# ઝઘડિયાની સિક્કા કંપનીમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા પોલીસ દ્વારા ગત 13 મી ઓગસ્ટ ના રોજ થયેલ સિક્કા કંપની માં થયેલ ચોરી નો ભેદ ઉકેલવામાં સફળતા હાથ લાગી હતી. મિલકત સંબંધી વણ શોધાયેલ ગુનાઓ શોધી કાઢવા માટે અલગ-અલગ ટીમોની રચના જુના કેસ તપાસ શરૂ કરી હતી.

ઝઘડિયા સ્થિત જીઆઈડીસી વિસ્તારમાં આવેલ સિક્કા પ્રા. લી કંપની માંથી ચોરી થઇ હતી. જેમાં કંપની સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવી મળેલ ફુટેજમાં સામે આવ્યું હતું કે એક ઈસમ કંપનીમાંથી બે કેમીકલની ડોલ તથા બે HP કંપનીના પોર્ટેબલ સીપીયુ ચોરી કરી હતી. જે ફૂટેજના આધારે સીસીટીવી કેમેરા ફૂટેજ માં દેખાઈ આવેલ એક અજાણ્યો ઈસમ ને ઝડપી પાડવા ની કવાયત શરૂ કરી હતી અને હ્યુમન ઈન્ટેલેજથી તપાસ કરતા માહિતી મળી હતી કે આ ગુનામાં સંડોવાયેલ ચોર ઈસમે લીભેટ ગામમાં રહે છે જે હકિકત આધારે પોલીસે લિભેટ ગામ ખાતે ભરત વસાવાને ઘરે કોર્ડન કરી સર્ચ કરતા અમિત વસાવા રંગેહાથ ઝડપાઈ જવા પામ્યો હતો.

**DATE: 21/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# હરિપુરા ગામે જુગારના ત્રણ ઈસમો સામે ગુનો નોંધાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના હરિપુરા ગામે પોલીસે સટ્ટા બેટિંગનો આંકડાનો જુગાર ઝડપી લીધો હતો. આ અંગે ઉમલ્લા પોલીસમાંથી મળતી વિગતો મુજબ પોલીસને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતીકે હરિપુરા ગામે નિશાળ ફળિયામાં નટવર વસાવાના ઘરના વાડાના ભાગે સંજય સોમા વસાવા તેના માણસો થકી કેટલાક ઈસમોને ભેગા કરીને સટ્ટા બેટિંગના આંકડા લખીને પૈસાથી હારજીતનો જુગાર રમાડે છે. સ્થળ ઉપરથી એક ઈસમ નટવર વસાવાનો ઝડપાઈ ગયેલ હતો.

**DATE: 21/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અંકલેશ્વર પોલીસે બે સ્થળોએ દરોડા પાડ્યા

# અડોલ અને ધંતુરીયામાંથી બૂટલેગરની ધરપકડ થઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસે 2 કુખ્યાત બુટલેગરોની ધરપકડ કરી હતી. અડોલ-હજાત ના કુખ્યાત બુટલેગર દશું ઉર્ફે દશરથ વસાવા અને ધંતુરીયા ના દારૂ પ્રકરણ માં કોંઢ ના સુનિલ વસાવા ને ઝડપી પાડ્યા હતા. પોલીસે બને બુટલેગર ના રિમાન્ડની તજવીજ શરૂ કરી હતી.

અંકલેશ્વર શહેર પોલીસે જુના બોરભાઠા ગામ પારસી ફળિયામાં રહેતો કલ્પેશ અર્જુન વસાવા ના ઘરે દરોડા પાડી સ્થળ પરથી પોલીસે વિદેશી દારૂની 192 બોટલ મળી આવી હતી પોલીસે 22 હજારથી વધુનો દારૂનો જથ્થો જપ્ત કરી એક બુટલેગરને ઝડપી પાડ્યો હતો જ્યારે દારૂનો જથ્થો આપનાર મહેશ મોહન ઠાકોર અને કુખ્યાત બુટલેગર દશરથ ઉર્ફે દશુ બાબુ વસાવાને વોન્ટેડ જાહેર કર્યો હતો તે દરમિયાન ત્રણ મહિનાથી પ્રોહીબીશન એક્ટ ના ગુનામાં સંડોવાયેલ હજાત ગામના કુખ્યાત બુટલેગર દશરથ ઉર્ફે દશુ બાબુ વસાવાને ઝડપી પાડ્યો હતો.

**DATE: 21/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### 2 આરોપીઓની 6 લાખના મુદ્દામાલ સાથે અટકાયત

# અંકલેશ્વરમાંથી લોખંડનો જથ્થો ભરેલો ટેમ્પો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર શહેર પોલીસ ને એક આયશર ટેમ્પો માં બે શખ્સો ભંગાર ભરી અંકલેશ્વર ની રાજપીપલા ચોકડી થી શહેર માંથી સુરત તરફ જવાનો હોવાની મળેલી માહિતી ના આધારે શહેર પોલીસે ચૌટા નાકા પાસે વોચ ગોઠવી હતી દરમ્યાન ટેમ્પો આવતા અંદર તલાસી લેતા લોખંડ ના સળિયા ના ટુકડા જથ્થો મળી આવ્યો હતો પોલીસે સુરત ઉધનાના ટેમ્પો ચાલક અકલુ સુખુ પ્રસાદ અને તેની સાથે ના મદન ગોપાલ જૈસ્વાલને આ ભંગારના જથ્થા અંગેની જરૂરી બિલ અને પુરાવા માંગતા તેઓ એ સંતોષકારક જવાબ નહિ આપતા પોલીસે બંનેની અટકાયત કરી રૂપિયા 34 હજાર ઉપરાંત નો ભંગાર નો જથ્થો અને 6 લાખ નો ટેમ્પો મળી કુલ રૂપિયા 6 લાખ 34 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 22/09/2022 CATEGORY:**

**GREEN**

**E-PAPER GUJARATMITRA PAGE–08**

# અંકલેશ્વરની ગણેશ FIBC કંપનીમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

## **રૂપિયા** 1.40 લાખના મુદ્દામાલ સાથે 5 શખ્સની ધરપકડ



અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં આવેલી ગણેશ એફ.આઈ. બી.સી. કંપનીમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલી પોલીસે 5 શખ્સને ઝડપી તમામ મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત તા.17 સપ્ટેમ્બરે અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં આવેલી ગીરીરાજ હોટલ નજીક ગણેશ એફ.આઈ.બી.સી. કંપનીમાં ત્રિકાલ ઈલેક્ટ્રિક એન્ડ રિવાઈંડિંગ વર્કસને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું.

તસ્કરોએ ગોડાઉનના પાછળના ભાગની ગ્રીલ તોડી અંદર પ્રવેશ કર્યો હતો, અને અંદર રહેલી 20 મોટર મળી કુલ રૂ. 80 હજારના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. આ ચોરી અંગે પરેશ લાલજી રાદડિયાએ જીઆઈડીસી પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ચોરીની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.

દરમિયાન પોલીસે મૂળ કવાંટ અને હાલ પટેલનગર પાછળ ઝૂપડપટ્ટીમાં રહેતા 5 શખ્સને ઝડપી પાડ્યા હતા. આ સાથે જ પોલીસે ચોરી થયેલી તમામ મોટર અને એક મોપેડ મળી કુલ કિંમત રૂ.1.40 લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 22/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### નયન કાયસ્થને 7 વખત પાસામાં ધકેલાયો, પાંચથી વધુ શરીર સંબંધિત ગુના પણ નોધાયાં હતાં

# ભરૂચ જિલ્લાના 12 ગુનાઓમાં વોન્ટેડ કુખ્યાત બૂટલેગર ગણદેવીથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



ભરૂચ શહેર જિલ્લામાં વિદેશી દારૂની હેરાફેરીના કારસાનો માસ્ટર માઈન્ડ ગણાતો અને શહેરના દાંડિયાબજાર સ્વામીનારાયણ મંદિર પાસે અને બાદમાં ઝાડેશ્વર ચોકડી પાસેની રવિપૂજન સોસાયટીમાં રહેતો નયન ઉર્ફે બોબડો કાયસ્થ છેલ્લાં એકાદ વર્ષથી વોન્ટેડ હતો. ભરુચમાં પ્રવેશ્યા વિના તેની લિંક દ્વારા જિલ્લામાં મોટા પાયામાં વિદેશીદારૂનો વેપલો ચલાવી રહ્યો હતો. તેની સામે ભરૂચ એ ડિવિઝનમાં 5, સી ડિવિઝનમં 3, નબીપુર પોલીસ સ્ટેશનમાં 3 તેમજ વાગરા પોલીસ સ્ટેશન, દહેજ પોલીસ સ્ટેશન તેમજ હાલોલ રૂરલ પોલીસ સ્ટેશનમાં 1-1 મળી કુલ 13 ગુના નોંધાયાં છે. ત્યારે લાંબા સમયથી પોલીસને ચકમો આપી રહેલો નયન ઉર્ફે બોબડો વોન્ટેડ હતો. દરમિયાનમાં ભરૂચ એલસીબીનો તાજેતરમાં જ ચાર્જ સંભાળનાર પીઆઈ ઉત્સવ બારોટે એસપીના માર્ગદર્શન હેઠળ તેના સગડ મેળવવાના ચક્રો ગતિમાન કર્યાં હતાં. દરમિયામાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, નયન બોબડો નવસારી જિલ્લાના ગણદેવી ખાતે સંતાયેલો છે. જેના પગલે તેમણે પીએસઆઈ વાય. જી. ગઢવીને મળેલી બાતમીના અધારે એક ટીમ ગણદેવી મોકલી કુખ્યાત બુટલેગર નયન બોબડાને દબોચી લઈ ભરૂચ લાવ્યાં હતાં. એલસીબીએ તેના રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે. નયન કાયસ્થ વિરૂદ્ધમાં અત્યાર સુધીમાં 7 વખત પાસા કરવામાં આવતાં તેને રાજ્યની હિંમતનગર, અમદાવાદ (સાબરમતી સેન્ટ્રલ જેલ), ભુજ (પલારા જેલ), પોરબંદર અમરેલી, જુનગઢ, સુરત જેલમાં સજા કાપી આવ્યો છે.

**DATE: 22/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## આરોપીઓમાં એક સગીરનો પણ સમાવેશ

# રાજપારડીમાં 69 હજારના મુદ્દામાલ સાથે 3 ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | રાજપારડી

રાજપારડી પોલીસે વાહન ચેકિંગ દરમિયાન 69 હજાર રુપિયાની કિમંતના ચોરીના સામાન સાથે સગીર સહિત 3 આરોપીઓને ઝડપી પાડયાં છે.

રાજપારડીના પીએસઆઇ રાઠોડ તથા તેમની ટીમ નેત્રંગ જવાના ચાર રસ્તા ઉપર ગુંડેચા બસ સ્ટેશન પાસે વાહન ચેકીંગમા હતાં. તે સમયે એક ઇકો કાર આવતાં તેને રોકવામાં આવી હતી. કારમાંથી લોખંડની પ્લેટો સહિતનો સામાન મળી આવ્યો હતો. આ સામાન ચોરીનો હોવાની શંકા જતાં સગીર સહિત વિષ્ણુ વસાવા, નંદલાલ વસાવાની અટકાયત કરવામાં આવી હતી. કારમાં રહેલાં સામાનની કિમંત 69 હજાર રૂપિયા થવા જાય છે. પોલીસે ઇકો કાર સહિત કુલ 3.69 લાખ રૂપિયા ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો છે. સામાનની કયાંથી ચોરી કરવામાં આવી હતી અને કોને વેચવાનો હતો તેની વિગતો મેળવવા આરોપીઓની પુછપરછ કરાય રહી છે.

**DATE: 23/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–12**

# અંકલેશ્વરમાં કેમિકલ સગેવગે કરનાર ટેન્કરચાલક ઝડપાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસીના કિંગ એસિડ એન્ડ કેમિકલ ટ્રાન્સપોર્ટના ટેન્કરમાં કેમિકલ ભરીને નિયત જગ્યાએ પહોંચાડવાને બદલે મટિરિયલ સગેવગે કરતો ટેન્કરચાલક ઝડપાઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ કિંગ એસિડ એન્ડ કેમિકલ ટ્રાન્સપોર્ટના ટેન્કરમાં ભરૂચ જીએનએફસી માંથી ઈથાઈલ એસિટેટ ભરીને પાનોલીની મહાદેવ કેમિકલમાં પહોંચાડવાનું હતું. પરંતુ ટેન્કર ચાલક રામાશંકર ફૂલચંદ યાદવ દ્વારા નક્કી કરેલી ચોક્કસ જગ્યા પર પહોંચાડવાને બદલે ટેન્કરમાંથી મીરાનગર પાસે કેમિકલ સગેવગે કરવાનો કારસો રચ્યો હતો, અને જીઆઈડીસી પોલીસે ટેન્કરચાલકની ધરપકડ કરી હતી. જીએનએફસીમાંથી કુલ ૧૫૪૩૫ કેજીએસ કિંમત રૂપિયા ૧૪,૮૪,૩૮૪ના ઈથાઈલ એસિટેટ મટિરિયલમાંથી ટેન્કરચાલકે ૩૬૦ કેજીએસ કિંમત રૂ.૨૯,૩૪૦ જેટલું કેમિકલ કાઢી લીધું હતું. પોલીસે હાલ કંપનીના પ્રવીણ કાશીરામ પટેલની ફરિયાદ દર્જ કરીને અન્ય લોકોની આ ગુનામાં સંડોવણી અંગે વધુ તપાસ શરૂ કરી છે.

**DATE: 25/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### રાજ્યભરમાંથી ૧૧ પોલીસકર્મીઓને મેડલ અપાયાં

# CMના હસ્તે ભરૂચના કોન્સ્ટેબલને રાષ્ટ્રપતિ એવોર્ડ એનાયત કરાયો



ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

પોલીસ ફોર્સના અધિકારીઓ-કર્મીચારીઓ દ્વારા કરવામાં આવેલી પ્રશંસનીય અને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ દ્વારા એવોર્ડ જાહેર કરવામાં આવે છે. ત્યારે ભરૂચ જિલ્લાના ઈતિહાસમાં પહેલીવાર કોન્સ્ટેબલને રાષ્ટ્રપતિ એવોર્ડ જાહેર કરવામાં આવ્યો હતો. ગઈકાલે શુક્રવારે અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ પર એવોર્ડ એનાયત કરવાનો ખાસ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં રાજ્યભરમાંથી ૧૧ પોલીસ અધિકારી-કર્મચારીઓને તેમની પ્રશંસનીય અને વિશિષ સેવા માટે રાષ્ટ્રપતિ એવોર્ડ જાહેર કરાયાં હોઈ તેમને મેડલ એનાયત કરવામાં આવ્યાં હતાં. ભરૂચ એસઓજીમાં ફરજ બજાવતાં કોન્સ્ટબલ સુરેશ વણઝારાને પણ સીએમ ભુપેન્દ્ર પટેલના હસ્તે પોલીસ પદક એનાયત કરવામાં આવ્યું હતું.

**DATE: 25/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## રાજપારડી પોલીસે દરોડા પાડતાં દોડધામ

# તરસાલી ગામમાં જુગાર રમતા 2 ખેલી ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | રાજપારડી

ભરૂચ એસપી ડૉ.લીના પાટીલના આદેશથી વિવિધ પોલીસ સ્ટેશનની ટીમો દારુ તથા જુગારની બદી રોકવા માટે કામે લાગી છે. રાજપારડી પોલીસને તરસાલી ગામમાં જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. તરસાલી ગામના નિશાળ ફળિયામાં રહેતા અબ્દુલ હિંમત મલેકનાઓ ઘરની બાજુમાં આવેલ ખુલ્લી ગભાણમાં દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસને જોઈ ખેલીઓમાં નાસભાગ મચી ગઈ હતી.

આઠ જેટલા જુગારીઓ ભાગી ગયાં હતાં જ્યારે બે પોલીસના હાથે ઝડપાય ગયાં હતાં. ઝડપાયેલા જુગારીયાઓની અંગઝડતી કરતા 12 હજાર રુપિયા રોકડા સહિત કુલ 13 હજાર રૂપિયાનો મુદ્દામાલ કબજે લેવાયો છે. ફરાર થઈ ગયેલાં જુગારીયઓની ઓળખ થઈ ગઈ હોવાથી તેમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે. પોલીસની કાર્યવાહીને પગલે જુગાર રમતા તત્વોમાં ફફડાટ ફેલાયો હતો

**DATE: 25/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ઈંગ્લેન્ડ -પાક.ની મેચ ઉપર બોલી લગાવી હતી

# અંકલેશ્વરમાં ક્રિકેટનો સટ્ટો રમાડતો ઈસમ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી નવજીવન ગરબા ગ્રાઉન્ડ ક્રિકેટ પર ઓનલાઈન સટ્ટો રમાડતા એક ઈસમ ને પોલીસે રંગે હાથ ઝડપી પાડ્યો હતો.

અંકલેશ્વર નોટીફાઈડ વિસ્તારમાં ભરૂચ એલસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી. કે નવ જીવન ગરબા ગ્રાઉન્ડ પાસે એક ઈસમ ઓનલાઈન ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડી રહ્યો છે. જે આધારે પોલીસે નવજીવન ગરબા ગ્રાઉન્ડ ખાતે સર્ચ કરતા ચોક્કસ મળેલા નામ આધારે મહેન્દ્ર ઉર્ફે જેહુ નટવર વાળંદ નામના ઈસમને ઝડપી



પાડ્યો હતો. જે મોબાઈલ પર ભરૂચના નિકુંજ ઉર્ફે સીતારામ નામના ઈસમ સાથે સાંઠગાંઠ કરી ઈંગ્લેન્ડ અને પાકિસ્તાન ની ટી 20-20 મેચ પર ઓનલાઈન સટ્ટો રમાડી રહ્યા હતા. પોલીસે મહેન્દ્ર વાળંદ પાસે રોકડ રૂપિયા 1440 તેમજ 11 હજાર રૂપિયા ની કિંમત ના 3 મોબાઈલ મળી કુલ 12.440 રોકડ મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 25/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરના 500 ક્વાટર્સમાંથી બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી ખાતે આવેલ નવ જીવન ગરબા ગ્રાઉન્ડ ખાતે ચોક્કસ માહિતી આધારે પોલીસ સર્ચ કરતા 500 ક્વાટર્સ,ગણેશ પાર્ક ખાતે રહેતા બુટલેગર રાજેશપ્રજાપતિ ને ઝડપી પાડ્યો હતો. પોલીસે દારૂ ના વેચાણ ના રૂપિયા 1.27 લાખ રોકડા અને મોબાઈલ 1 કિંમત રૂપિયા 10.000 મળી કુલ 1.53 લાખ રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બુટલેગર સામે કાર્યવાહી હાથ ધરાઈ છે .